ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**<u>અખબારી યાદી</u>** તા:૦૧/૦૫/૨૦૧૬

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**
**..............................,**
**ભાવનગર.**

## એસ્ટ્રોનોમી સમર કેમ્પનું ભાવનગર ખાતે
## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજન.

ઉનાળુ વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓ તથા એસ્ટ્રોનોમીમાં રસ ધરાવતાં કોઈપણ વ્યકિતઓ માટે છ દિવસીય **એસ્ટ્રોનોમી સમર કેમ્પ** નું ભાવનગર એસ્ટ્રોનોમી કલબ અંર્તગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

આ એસ્ટ્રોનોમી સમર કેમ્પ ૨૦૧૬માં અવકાશને લગતી વિવિધ રસપ્રદ માહિતીઓ જેવી કે રોજીંદા જીવનમાં અવકાશ વિજ્ઞાન, બેઝીક એસ્ટ્રોનોમી, ઈસરો દ્વારા મોકલવામાં આવેલ મંગળ મિશન અને તેને સંબંધિત માહિતીઓ, બુધ ગ્રહનું પારગમન વગેરે વિષયો પર ગુજરાતના ખ્યાતનામ તજજ્ઞો દ્વારા વ્યાખ્યાન તથા માહિતીઓ આપવામાં આવશે.

આ ઉપરાંત એકટીવીટીમાં સોલાર કલોક, સન સ્પોટ, અક્ષાંશ અને રેખાંશની ઓળખ, દિશાઓની ઓળખ, સોલાર સાંકળ, સૂર્ય પરિભ્રમણની ગતી વગેરે પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવનાર છે.

એસ્ટ્રોનોમી સમર કેમ્પ દરમ્યાન થનાર બુધના પારગમનની ઘટનાને યોગ્ય સાવધાની અને સાધનો સાથે માણવા અને લોકોને માહિતગાર કરવા ઉપરાંત દરીયાકીનારે યોજાનાર ટેલીસ્કોપથી આકાશ દર્શન તથા પ્રવાસનું આયોજન આ એસ્ટ્રોનોમી સમર કેમ્પ દરમ્યાન કરવામાં આવશે.

આ એસ્ટ્રોનોમી સમર કેમ્પ તા. ૫ મે, ૨૦૧૬ થી તા. ૧૦ મે, ૨૦૧૬ દરમ્યાન ભાવનગર ખાતે સવારનાં ૮:૦૦ કલાક થી બપોરે ૧:૦૦ કલાક સુધી યોજાશે.

એસ્ટ્રોનોમી સમર કેમ્પમાં જોડાવા માટે તથા ભાવનગર એસ્ટ્રોનોમી કલબ માં જોડાવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર 'વિજ્ઞાન ભવન', પ્લોટ નં. ૨૨૦૬/૪–એ, પંજાબ નેશનલ બેંક વાળી શેરી, સંસ્કાર મંડળ પાસે, ભાવનગર ખાતે તા. ૦૪.૦૫.૨૦૧૬ સુધીમા રૂબરૂ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. મર્યાદીત સંખ્યા લેવાની હોવાથી રજીસ્ટ્રેશન વહેલા તે પહેલાનાં ધોરણે કરવામાં આવશે.

હ.ચ.જોષી

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.